ભારતના ઉત્પાદન ક્ષેત્રનો વૃદ્ધિ દર ડિસેમ્બરમાં બાર મહિનાના તળિયે

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૨

વ્યવસાયના નવા ઓર્ડર અને ઉત્પાદનમાં વિસ્તરણને કારણે ભારતના ઉત્પાદન ક્ષેત્રે વૃદ્ધિ ડિસેમ્બરમાં ઘટીને ૧૨ મહિનાને તળિયે પહોંચી ગઈ છે, તેમ ગુરૂવારે માસિક સર્વેમાં જણાવ્યું હતું. સીઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ડિસેમ્બરમાં ૫૬.૪ પર હતો, જે નવેમ્બરમાં ૫૬.૫ પર હતો. આ સ્થિતિ સુધારામાં નરમાઈ દર્શાવે છે. ઘટાડા છતાં હેડલાઈનનો આંકડો તેની ૫૪.૧ની લાંબાગાળાની સરેરાશની ઉપર રહ્યો છે, જેનાથી વૃદ્ધિના મજબૂત દરનો સંકેત મળે છે. પીએમઆઈ ૫૦ની ઉપર વિસ્તરણ જ્યારે ૫૦ની નીચે સંકોચન દર્શાવે છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં મધ્યમ હોવા છતાં ધીમા વલણના વધુ સંકેતો વચ્ચે ભારતની ઉત્પાદન પ્રવૃત્તિ નરમ નોંધ સાથે મજબૂત ૨૦૨૪ના અંત આવ્યો હતો. નવા ઓર્ડરનો વિસ્તરણ દર વર્ષમાં સૌથી ધીમો છે, જે ભવિષ્યમાં ઉત્પાદન વૃદ્ધિમાં નરમાઈ દર્શાવે છે, તેમ એચએસબીસીના અર્થશાસ્ત્રી લેન લેમને જણાવ્યું હતું. સ્પર્ધાત્મક અને ભાવના દબાણને કારણે ઉત્પાદન ક્ષેત્રે વૃદ્ધિ પ્રતિકૂળ અસર થઈ છે. લેમે જણાવ્યું હતું કે, નવા નિકાસ ઓર્ડરની વૃદ્ધિમાં થોડો સુધારો થયો હતો, જે જુલાઈ પછી સૌથી ઝડપી ગતિએ વધ્યો હતો. જો કે, નવા નિકાસ વેચાણમાં કુલ નવા વ્યવસાય કરતા ધીમા દરે વધારો થયો હતો, તેમ છતાં કંપનીઓ વિશ્વભરમાંથી આંતરાષ્ટ્રીય ઓર્ડર સુરક્ષિત કરવામાં સક્ષમ હોવાથી ભૂતપૂર્વ માટે વૃદ્ધિની ગતિ મજબૂત બની હતી, તેમ સર્વેમાં જણાવ્યું હતું. સર્વે અનુસાર, વૃદ્ધિના નોંધપાત્ર દરના પરિમાણે ખરીદીના સ્તર અને રોજગારમાં વધુ વિસ્તરણ થયું છે.

નવા વર્ક ઈન્ટેક્સમાં ચાલુ સુધારાને કારણે ભારતમાં ઉત્પાદક કંપનીઓને ઉત્પાદન પ્રક્રિયાઓમાં ઉપયોગ માટે વધારાના ઈનપુટ્સ ખરીદવા અને જોબ મોરચે દસમાંથી એક કંપનીએ વધારાના સ્ટાફની ભરતી કરી છે, જ્યારે ૨ ટકાથી ઓછી કંપનીઓએ નોકરીઓ છોડી દીધી છે.

છેલ્લા દસ વર્ષમાં દેશમાં રોજગારી દર ૩૬ ટકા ઉછળ્યો : માંડવિયા

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૨

કેન્દ્રીય શ્રમ પ્રધાન ડૉ.મનસુખ માંડવિયાએ ગુરૂવારે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાં રોજગારી ૪૭.૧૫ કરોડ હતી જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૬ ટકા વધીને ૬૪.૩૩ કરોડ થઈ છે, જે દર્શાવે છે કે, એનડીએના કાર્યકાળ દરમિયાન રોજગારી સર્જનમાં નોંધપાત્ર સુધારો થયો છે. પ્રધાને પત્રકારો સાથે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, યુપીએ હેઠળ રોજગારી વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે ફક્ત ૭ ટકા દરે વધી છે. આરબીઆઈના આંકડાની ટાંકીને પ્રધાને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં રોજગારી ૪૪.૨૩ કરોડ હતી જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૪૭.૧૫ કરોડે રહી હતી. તેમણે નોંધ્યું હતું કે, વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન યુપીએ સરકારમાં ફક્ત ૨.૯ કરોડ રોજગારીનું સર્જન થયું હતું, તેની તુલનાએ વર્ષ ૨૦૧૪-૨૪ દરમિયાન ૧૭.૧૯ કરોડ નોકરીઓનું સર્જન જોવા મળ્યું છે.

ફક્ત ગત વર્ષે (૨૦૨૩-૨૪) મોદી સરકારે દેશમાં આશરે ૪.૬ કરોડ નોકરીઓનું સર્જન કર્યું હતું, તેમ પ્રધાને નોંધ્યું હતું. દેશમાં રોજગાર સર્જન માટે સરકાર પર દબાણની પૃષ્ઠભૂમિમાં આ ડેટા મહત્વપૂર્ણ છે. કૃષિ ક્ષેત્રે પ્રધાને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે નોકરીઓની સંખ્યામાં ૧૬ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે ૨૦૧૪-૨૩ દરમિયાન નોકરીઓમાં ૧૯ ટકા સુધી વધી છે. આવી જ રીતે યુપીઆઈના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન ઉત્પાદન ક્ષેત્રે રોજગારીમાં ફક્ત ૬ ટકાની વૃદ્ધિ જોવા મળી રહી છે. જ્યારે વર્ષ ૨૦૧૪-૨૦૨૩ના મોદી સરકારના કાર્યકાળ દરમિયાન રોજગારીમાં ૧૫ ટકાની વૃદ્ધિ થઈ છે.

તેમણે વધુમાં માહિતી આપી હતી કે, સેવા ક્ષેત્રે રોજગારી વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન ૨૫ ટકા સુધી વધી હતી, જ્યારે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૩ દરમિયાન સેવા ક્ષેત્રે રોજગારીમાં ૩૬ ટકાનો વધારો જોવા મળ્યો છે.

આયર્ન ઓરનું ઉત્પાદન એપ્રિલ-નવેમ્બર દરમિયાન ૩ ટકા વધ્યું

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૨

દેશનું આયર્ન ઓરનું ઉત્પાદન ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલ-નવેમ્બરના સમય ગાળામાં ૩ ટકા વધીને ૧૮૨.૬ મિલિયન ટન (એમટી)ના સ્તરે રહ્યું છે. ભારતનું આયર્ન ઓરનું ઉત્પાદન પાછલા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના સમાન સમય ગાળામાં ૧૭૭.૨ એમટીની સપાટીએ રહ્યું હતું, તેમ ખાણ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું. ખાણ મંત્રાલયની યાદી અનુસાર, દેશનું મેંગેનીઝ ઓરનું ઉત્પાદન એપ્રિલ-નવેમ્બરના સમયગાળામાં ૯.૫ ટકા વધીને ૨.૧ એમટીથી ૨.૩ એમટી થયું છે. ક્રોમાઇટનું ઉત્પાદન ૧.૮ એમટીથી વધીને ૨ એમટી થયું છે. બોક્સાઇટનું ઉત્પાદન એપ્રિલ-નવેમ્બરના સમયગાળામાં ૮.૯ ટકા વધીને ૧૪.૬ એમટીથી ૧૫.૯ એમટી થયું છે.

નોન ફેરસ મેટલ સેક્ટરમાં મુખ્ય એલ્યુમિનિયમનું ઉત્પાદન ૨૦૨૪-૨૫માં (એપ્રિલ-નવેમ્બર) પાછલા વર્ષના સમાન સમય ગાળામાંના ૨૭.૬૦ એમટીથી ૧.૧ ટકા વધીને ૨૭.૯૧ એમટી થયું છે, તેમ ખાણ મંત્રાલયે જણાવ્યું હતું. ભારત વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું એલ્યુમિનિયમ ઉત્પાદક અને ચોથા ક્રમનું આયર્ન ઓરનું ઉત્પાદક છે. ચાલુ નાણાંકીય વર્ષમાં આયર્ન ઓરના ઉત્પાદનમાં સતત વૃદ્ધિ સ્ટીલનો ઉપયોગ કરતા વપરાશકર્તાઓમાં મજબૂત માગની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે.

દેશમાં ખાંડ ઉત્પાદન ઓક્ટોબરથી ડિસેમ્બરના સમયગાળામાં ૧૬ ટકા ઘટીને ૯૫.૪૦ લાખ ટન : ઇસ્મા

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૨

ખાસ કરીને મહારાષ્ટ્રમાં ઉત્પાદન ઘટવાને કારણે દેશમાં ખાંડનું ઉત્પાદન ઓક્ટોબરથી શરૂ થયેલા ચાલુ માર્કેટીંગ વર્ષના ઓક્ટોબર-ડિસેમ્બરમાં ૧૬ ટકા ઘટીને ૯૫.૪૦ લાખ ટન થયું છે, તેમ આ ઉદ્યોગનું પ્રતિનિધિત્ત્વ કરતી સંસ્થા ઇસ્માએ આજે જણાવ્યું હતું.

મિલોએ પાછલા વર્ષના સમય ગાળામાં ૧૧૩.૦૧ લાખ ટન ઉત્પાદન કર્યું હતું. ઉત્પાદનના આ ડેટામાં ઇથનોલ બનાવવા માટે ખાંડને વાળવાનો સમાવેશ થતો નથી.

ઇન્ડિયન સુગર એન્ડ બોયો એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ઇસ્મા) અનુસાર ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પીલાણના દરો ગયા વર્ષ કરતા સારા હતા. વરસાદને પગલે શેરડીના પીલાણમાં કામચલાઉ વિક્ષેપને પગલે જોકે, ડિસેમ્બર ૨૦૨૪ના છેલ્લા સપ્તાહ દરમિયાન ઉત્તર પ્રદેશમાં પીલાણ દરો નુકસાન પામ્યા હતા. પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન પાછલા વર્ષમાં ૫૧૨ ફેક્ટરીની સામે ૪૯૩ મિલો કાર્યરત હતી.

દેશનું સૌથી મોટું ઉત્પાદક ઉત્તર પ્રદેશમાં ખાંડનું ઉત્પાદન ૨૦૨૪-૨૫ માર્કેટીંગ વર્ષ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) દરમિયાન પાછલા વર્ષના સમય ગાળામાં ૩૪.૩૫ લાખ ટનથી ઘટીને ૩૨૮૦ લાખ ટન થયું છે.

દેશનું બીજા ક્રમનું સૌથી મોટું ઉત્પાદક મહારાષ્ટ્રમાં ઉત્પાદન ૩૮.૨૦ લાખ ટનથી તીવ્ર રીતે ઘટીને ૩૦ લાખ ટન થયું છે જ્યારે કર્ણાટકમાં ૨૪.૯૧ લાખ ટનથી ઘટીને ૨૦.૪૦ લાખ ટન થયું છે.

ઇસ્મા જાન્યુઆરી અંત સુધીમાં ખાંડ ઉત્પાદનના તેના બીજા આગોતરા અંદાજ સાથે આવી હતી.

એનઈડીએલના સુધારાયુક્ત વર્ઝન માટે આઈસીએમઆરની દરખાસ્ત

પીટીઆઈ
નવી દિલ્હી, તા. ૨

આઈસીએમઆરે નેશનલ એસેન્શિયલ ડાયગ્નોસ્ટિક્સ લિસ્ટ (એનઈડીએલ)ના સુધારાયુક્ત વર્ઝનની દરખાસ્ત કરી છે.

જે દેશમાં હેલ્થકેર સુવિધાઓનાં વિવિધ સ્તરો પર ઉપલબ્ધ હોવા જોઈએ, એવા ટેસ્ટ્સની અલ્પતમ સંખ્યાની ગણના કરે છે.

સુધારાયુક્ત ડ્રાફ્ટ પ્રમાણે, ડાયાબિટીસ, મેલેરિયા, ટીબી, એચઆઈવી અને સિફિલિસ સહિતના નવ પ્રકારના ડાયગ્નોસ્ટિક ટેસ્ટ્સ ગ્રામીણ સ્તરની આરોગ્ય સુવિધાઓનાં આરોગ્ય કેન્દ્રો ખાતે ઉપલબ્ધ બનાવવાં જોઈએ.

ગ્રામ્ય સ્તરનાં આરોગ્ય કેન્દ્રો ખાતે ઉપલબ્ધ નવ ડાયગ્નોસ્ટિક્સ ઉપરાંત આયુષ્માન આરોગ્ય મંદિરમાં હિપેટાઈટિસ બી ટેસ્ટ્સ માટેની સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઈએ.

સંબંધિત હિતધારકો પાસેથી મળેલી વિગતો તથા એક કરતાં વધુ બેઠકો મારફત મળેલા પ્રતિભાવોને આવરી લઈને સુધારાયુક્ત મુસદ્દા યાદી તૈયાર કરવામાં આવી છે.

તે ગ્રામ સ્તરની સુવિધાઓ, આયુષ્માન આરોગ્ય મંદિરો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પીએચસી) કમ્યુનિટી હેલ્થ સેન્ટર્સ (સીએચસી), સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ (એસડીએચ) અને જીલ્લા હોસ્પિટલો (ડીએચ) સહિતની આરોગ્ય તકેદારી સુવિધાઓનાં વિવિધ સ્તરો પર નિદાન માટેના ટેસ્ટ્સની ભલામણ કરે છે.

બીજી એનઈડીએલનો મુસદ્દો વિવિધ હિતધારકોની ટિપ્પણીઓ તથા પ્રતિસાદ મેળવવા માટે પબ્લિક ડોમેઈન પર મૂકવામાં આવ્યો છે.

જીલ્લા સ્તરની હોસ્પિટલોમાં સીટી સ્કેન, એમઆરઆઈ, મેમોગ્રાફી તથા ઈકોકાર્ડિયોગ્રાફીની સુવિધા હોવી જોઈએ, એમ ડ્રાફ્ટ માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું હતું.

આઈસીએમઆરે ૨૦૧૯માં ડાયગ્નોસ્ટિક્સને હેલ્થકેર સિસ્ટમનું મહત્ત્વનું અંગ બનાવવા માટે પ્રથમ એનઈડીએલ પ્રસિદ્ધ કરી હતી.

કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ

કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ
Kotak Mahindra Bank

રજીસ્ટર્ડ ઓફીસ : ૨૦ બીકેસી, સી-૨૭, જી-બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઇસ્ટ) મુંબઇ, મહારાષ્ટ્ર, પીનકોડ-૪૦૦ ૦૫૧. શાખા ઓફીસ : કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ, પહેલો માળ, શાંતિ પોર્ટ્યન્ટ, પલ્લગ ટાઉન પાસે, ઉધના દરવાજા રોડ, સુરત-૩૯૫૦૦૨

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૫) અને નિયમ ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા અને સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

ફુલરર ઇન્ડિયા હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ (અહીં પછી એફઆઇએચએફસીએલ તરીકે દર્શાવેલ છે) દ્વારા કોટક મહિન્દ્રા બેંક લીમીટેડની તરફેણમાં એસાઈનમેન્ટ ઓફ ડેબ્ટ પછી, કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ (અહીં પછી બેંક/કેએમબીએલ/સિક્યોર્ડ લેણદાર તરીકે દર્શાવેલ છે) ના અધિકૃત અધિકારીએ સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો ભૌતિક કબજો રૂ.૧૦.૨૦૨૪ના રોજ લઈ લીધો છે.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને સહ-દેવાદાર(રો) અને જાહેર જનતાને આથી નોટીસ આપવામાં આવે છે કે બેંકે શ્રી મયુર કાંતિલાલ રાઠોડ અને શ્રીમતી શિલત બેન રાઠોડ દ્વારા લેવાયેલ લોન, લોન એકાઉન્ટ નં. ૬૦૦૪૦૮૧૦૨૨૩૭૦૫ હેઠળની બાકી રકમ રૂ.૭,૬૬,૦૦૮/- (રૂપિયા સાત લાખ છાસઠ હજાર આઠ પુરા) ૩૦.૧૨.૨૦૨૪ મુજબ તેમજ છુટકારા સુધી લાગુ ચડત વ્યાજની વસુલાત માટે જાયં છે, જેણે અને જેમ છેના ધોરણે સરફૈસી એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈઓ હેઠળ ઈ-હરાજી મારફત સિક્યોર્ડ મિલકત વેચવાનો નિર્ણય કર્યો છે.

માહીતી	વિગત
હરાજીની તારીખ	૦૭.૦૨.૨૦૨૫
હરાજીનો સમય	બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન ૫ મિનિટના અમર્યાદિત લંબાણ સહીત
રીઝર્વ કિંમત	રૂ.૫,૫૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા)
અર્નેસ્ટ મની ડિપોઝીટ	રૂ. ૫૫૦૦૦/- (રૂપિયા પંચાવન હજાર પુરા)
ઇએમડી તેમજ કેવાયસી જમા કરવાની છેલ્લી તારીખ	૦૬.૦૨.૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધી

સિક્યોર્ડ મિલકતની વિગત: જામનગર સીટી, લાલપુર હાઇવે, જામનગર મ્યુન્સિપલ કોર્પોરેશન એરિયાની બહાર, ઓરીજનલી રેવન્યુ સર્વે નં. ૧૧૦૧ પૈકી ૫, ક્ષેત્રફળ ૧૮૩૧૨.૦૦ ચો.મી., જામનગર એરિયા ડેવલોપમેન્ટ ઓથોરીટી અને જિલ્લા પંચાયત જામનગરના આદેશ દ્વારા ૯૫ બિન ખેતીલાયક રેસીડેન્સીયલ પ્લોટમાં ફેરવાઈ હતી. આ પ્લોટોમાંથી પ્લોટ નં. ૧, ૨૧ અને ૨૨ને અમાલ્ગમેટેડ કરાયા હતા અને નવો પ્લોટ નં. ૧ આપાયો હતો અને નવા પ્લોટનં. ૧ને જામનગર એરિયા ડેવલોપમેન્ટ ઓથોરીટીની મંજુરી થી ૫ પેટા પ્લોટ એટલે કે ૧/૧થી ૧/૫. માં વિભાજીત કરાયા હતા. શોપ નં. ૬ની કન્સ્ટ્રક્ટેડ કોમર્સિયલ મિલકત ક્ષેત્રફળ ૭.૮૬ ચો.મી, પેટા પ્લોટનં. ૧/૫ ઉપર બંધાયેલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા: ઉત્તર: શોપનં. ૫, દક્ષિણ: શોપનં. ૭, પુર્વ: સબ પ્લોટનં. ૧/૨, પશ્ચિમ: ખુલ્લુ પાર્કિંગ

જાણમાં હોય તેવા બોજા	નથી

સિક્યોર્ડ મિલકત પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં સરફૈસી એક્ટની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.
ખાસ કરીને દેવાદારો અને જાહેર જનતાએ નોંધ લેવી કે અહી જણાવેલ સમયે હરાજી કોઇપણ કારણસર નિષ્ફળ જાય તો, સિક્યોર્ડ લેણદાર ખાનગી સંધિ મારફત વેચાણના માર્ગે સિક્યોરીટી હિતનો ઉપયોગ કરી શકે છે.
વેચાણ હેઠળની મિલકતોના સબંધમાં કોઇપણ સ્પષ્ટતા/ જરૂરીયાતના કિસ્સામાં બીડરે શ્રી કિશોર અરોરા (+૯૧ ૭૨૨૭૯૫૩૪૫૭) અને અશ્વિત સોલંકી (મો. નં.+૯૧૭૩૦૨૧૧૧૬૦૮) નો સંપર્ક કરી શકે છે. બીડર બેંકના આઇવીશ્યાર નં. (+૯૧-૯૫૨૨૧૮૭૫૧)નો પણ સ્પષ્ટતાઓ માટે સપર્ક કરી શકે છે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે બેંકની વેબસાઇટ www.kotak.com પર આપેલ લિંક https://www.kotak.com/en/bank-auctions.html અને/અથવા https://bankauctions.in જોવા વિનતી છે.

સ્થળ: જામનગર તારીખ : ૦૩.૦૧.૨૦૨૫ અધિકૃત અધિકારી કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ

ઇઝી હોમ ફાયનાન્સ લીમીટેડ

easy home finance

કોર્પોરેટ ઓફીસ : ૩૦૨, ત્રીજો માળ, સવોય ચેમ્બર્સ, દત્તાત્રૈય રોડ, શાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૪. **શાખા ઓફીસ :** શોપ નં. ૨૨૫, બીજો માળ, સીટી સેન્ટર, એસબીઆઈ લાઇફ ઇન્સ્યોરન્સ પાસે, એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ સામે, સુરેન્દ્રનગર, ગુજરાત-૩૬૩૦૦૧.

માંગણા નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩(૧) સાથે વંચાતી સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ. ઈઝી હોમ ફાયનાન્સ લીમીટેડ (ઇએચએફએલ)ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જણાવેલ એક્ટ) હેઠળ અને સિક્યોરીટી ઇન્ટેરસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી જણાવેલ એક્ટની કલમ ૧૩(૧૨) હેઠળ પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને અહી નીચે જણાવેલ દેવાદાર(રો) (જણાવેલ દેવાદારો)ને માંગણા નોટીસો જારી કરી તેમને જારી કરાયેલ સંબંધિત માંગણા નોટીસમાં જણાવેલ રકમ ચુકવવા જણાવ્યું હતું જે અહી નીચે પણ આપેલ છે. ઉપરોક્તના અનુસંધાનમાં આથી એક વખથ ફરી જણાવેલ દેવાદાર(રો)ને આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની અંદર અહીં નીચે જણાવેલ રકમો તેમજ પુરેપુરી ચુકવણી અને/અથા વસુલાત ની તારીખ સુધી નીચે જણાવેલ તારીખથી લાગુ ચડત વ્યાજ, લોન એગ્રીમેન્ટ સાથે વંચાતા જણાવેલ દેવાદાર(રો) દ્વારા કરાયેલ અન્ય દસ્તાવેજો/લખાણો, જો કોઇ હોય તો, હેઠળ ચુકવવાપાત્ર રકમ ઇએચએફએલને ચુકવવા નોટીસ આપવામાં આવે છે. લોનની બાકી પરત ચુકવણી માટે સિક્યોરીટી તરીકે જણાવેલ દેવાદાર(રો) દ્વારા ઇએચએફએલને અનુક્રમે નીચે જણાવેલ મિલકતો ગીરો કરાયેલ છે.

દેવાદાર(રો)/જામીનદાર (રો) નું નામ	માંગણા નોટીસની તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ (સ્થાવર મિલકત) ની વિગત
લોન : HL00003983 સુરેન્દ્રનગર શાખા શ્રી રમેશભાઇ પોપટભાઈ બાવળિયા, શ્રીમતી ગુલાબબેન રમેશભાઈ બાવળિયા	૧૬/૧૨/૨૦૨૪ રૂ. ૧૩૨૦૪૫૭/-	પ્લોટ નં. ૬૪, અંશોયા પરા, ચંદન સિરામિક પાછળ, નવાગામ રોડ, અમરાપર, તાલુકો થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર, ગુજરાત-૩૬૩૫૩૦.

જો જણાવેલ દેવાદારો ઉપર જણાવ્યા મુજબ ઇએચએફએલને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો, ઇએચએફએલ એક્ટની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો મુજબ, જણાવેલ દેવાદારો ના ખર્ચ અને પરિણામોના જોખમે ઉપર જણાવેલ સિક્યોર્ડ એસેટો સામે કાર્યવાહી કરશે. જણાવેલ દેવાદારોને ઇએચએફએલની આગોતરી લેખીત મંજુરી વગર વેચાણ, ભાડે અથા અન્ય રીતે ઉપર જણાવેલ મિલકતોની તબદીલ કરવાની એક્ટ હેઠળ મનાઇ ફરવામાં આવે છે. કોઇપણ વ્યક્તિ જે જણાવેલ એક્ટ અથવા તે હેઠળ બનેલ નિયમોની જોગવાઇઓનો ભંગ કરે છે અથવા ભંગ કરવામાં સહાય કરે છે, તો તે એક્ટ હેઠળ નિયત જેલ અને/અથવા દંડની સજાને પાત્ર બનશે. **સહી/-**

સ્થળ : સુરેન્દ્રનગર અધિકૃત અધિકારી
તારીખ : ૦૩.૦૧.૨૦૨૫ ઇઝી હોમ ફાયનાન્સ લીમીટેડ

કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **સમ્માન ફિન્સર્વ લિમિટેડ** ના **(CIN:U65923DL2006PLC150632) (અગાઉ ઈન્ડિયાબુલ્સ કોમર્શિયલ ક્રેડિટ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)** અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **20.03.2023** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **બોહરા નીતા રાજેશ પ્રોપરાઈટર નીતા સાડી અને રાજેશ બોહરા** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HLLAAME00473860** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **14.03.2023** થી વ્યાજ દરે **₹.39,43,874.61 (રૂપિયા ઓગણચાલીસ લાખ ત્રેતાલીસ હજાર આઠસો ચુમોતેર અને એકસઠ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતના **કબ્જો** તારીખ **29.12.2024** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **₹.39,43,874.61 (રૂપિયા ઓગણચાલીસ લાખ ત્રેતાલીસ હજાર આઠસો ચુમોતેર અને એકસઠ પૈસા માત્ર)** 14.03.2023 ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **સમ્માન ફિન્સર્વ લિમિટેડ (અગાઉ ઈન્ડિયાબુલ્સ કોમર્શિયલ ક્રેડિટ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)** ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તે તમામ મિલકત ઓફિસ નં. 1106, જેના કાર્પેટ વિસ્તાર 36.67 સ્ક્વેર મીટર્સ (એટલ કે 394.76 સ્ક્વેર ફીટ, 'એડોર એસ્પાયર' તરીકે ઓળખવામાં આવેલી બિલ્ડીંગને અગિયારમા માળે સ્થિત, ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર 20 નો બેરિંગ ફાઇનલ પ્લોટ નંબર 290/2 જમીનના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે (એકમલ્ગમેટેડ સિટી સર્વે નંબર 1189 (જૂનું શહેર સર્વે નંબર1189 થી 1204), મૌજે કોચરબ ખાતે સ્થિત અને રહેવું, તાલુકા સાબરમતી, નોંધણી સબડિસ્ટ્રિક્ટ જિલ્લો અમદાવાદ -04, (પાલડી) ની અંદર અને જિલ્લો અમદાવાદ સાથે કથિત પ્રોજેક્ટમાં સામાન્ય સુવિધાઓ અને સવલતોનો ઉપયોગ કરવાના અધિકારો અને આ યુનિટ નીચે મુજબ બંધાયેલ છે:

પૂર્વ : લિફ્ટ એન્ડ કોમન પેસેજ
પશ્ચિમ : સનશાઈન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.
ઉત્તર : ઓફિસ નં. 1107
દક્ષિણ: ઓફિસ નં. 1105

સહી/-
તારીખ : 29.12.2024 અધિકૃત અધિકારી
સ્થળ : અમદાવાદ સમ્માન ફિન્સર્વ લિમિટેડ
(અગાઉ ઈન્ડિયાબુલ્સ કોમર્શિયલ ક્રેડિટ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)

કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **સમ્માન ફિન્સર્વ લિમિટેડ** ના **(CIN:U65923DL2006PLC150632) (અગાઉ ઈન્ડિયાબુલ્સ કોમર્શિયલ ક્રેડિટ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)** અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **13.03.2023** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **બોહરા નીતા રાજેશ પ્રોપરાઈટર નીતા સાડી અને રાજેશ બો